મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૮ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં લાઈટના ખુલ્લા વાયરો અકસ્માત નોતરશે

ખુલ્લા વીજ વાયરો ને તાત્કાલિક પણે સંકેલી દેવા કવાયત હાથ ધરવામાં આવે તેવી લોક માંગણી

ગાંધીનગર, તા.૮

શહેરમાં ચોમાસાની સિઝન શરૂ થઈ ગઈ છે અને ૨૪ કલાક ભેજવાળું વાતાવરણ પણ રહે છે તેવામાં શોર્ટ સર્કિટ તથા કરન્ટ લીક થવાની શક્યતા વધી જાય છે. ખાસ કરીને ચોમાસામાં સ્ટ્રીટ લાઈટના થાંભલાના ખુલ્લા વાયર જોખમી બને છે. વરસાદમાં આવા ખુલ્લા વાયરના કારણે લોકો મોતને ભેટ્યા હોવાના કિસ્સા પણ બન્યા છે. શહેરજનોને રાતના અંધારામાં અજવાળું પાથરવા માટે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં લાખોના ખર્ચે સ્ટ્રીટ લાઈટ લગાવાઈ છે જે સાંજના સાત વાગ્યે ચાલુ થાય છે અને વહેલી સવારના સાડા પાચ વાગ્યે બંધ થઈ જાય છે. વરસાદની સીઝન શરૂ થઈ ગઈ છે ત્યારે હવે આ સ્ટ્રીટ લાઈટ શહેરીજનો માટે જોખમી સાબિત થાય તેવી શક્યતા છે. શહેરના ઘણા વિસ્તારમાં આવેલી સ્ટ્રીટ લાઈટના થાંભલાના ડીપી ખુલ્લાં જોવા મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં ચોમાસાનો પહેલો વરસાદ પડે એટલે તંત્રની પોલ ખૂલવાની શરૂઆત થઈ જાય છે. પહેલાં વરસાદમાં રસ્તાની હાલત એટલી બધી બિસમાર થઈ જાય છે કે ઠેર ઠેર ખાડા પડી જાય છે, જેના કારણે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડે છે. અને કેટલાક લોકોનાં હાડકાં પણ ભાંગી જાય છે. રોડ પરના રસ્તા હોસ્પિટલ બતાવે છે. ઉલ્લેખનીય છે કે જેમ જેમ વરસાદ પડશે અને રોડ ઉપર પાણી ભરાશે તેમ તેમ સ્ટ્રીટ લાઈટ તથા સેક્શન પિલરમાં ખુલ્લા વાયરના કારણે શોર્ટ સર્કિટ તથા કરંટ લીક થવાની શક્યતા વધી જશે. શહેરમાં મુશળધાર વરસાદ પડે છે ત્યારે બેથી ત્રણ ફૂટ સુધીનાં પાણી ભરાય છે., જેના કારણે ટ્રાફિક જામ થઈ જાય છે. આવી સ્થિતિમાં જો સ્ટ્રીટ લાઈટના વાયર ખુલ્લા હોય તો કરંટ આવવાની શક્યતા વધી જાય છે.તેથી તંત્ર દ્વારા શહેરમાં જોવા મળતા ખુલ્લા વાયરો તાત્કાલિક પણે સંકેલી દેવા જોઇએ જેથી કોઈ ગંભીર અકસ્માત સર્જાતા અટકી શકશે.

ગાંધીનગરમાં ઘણા વર્ષોથી વરસાદની પેટર્ન બદલાઈ ગઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એક વખત સૌથી વધુ વૃક્ષો માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ પામ્યું હતું. છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસને નામે આડેધડ વૃક્ષનું નિકંદન કાઢી નાખવામાં આવતા હવે પહેલાની જેમ વરસાદ ગાંધીનગરમાં પડતો નથી. આ સીઝનમાં અમદાવાદમાં સીઝનનો ૩૫%થી વરસાદ વરસી ગયો છે. ગાધીનગરમાં ૫% વરસાદ પડયો નથી. ગાધીનગર અમદાવાદનું અંતર ફકત ૨૦ કીલો મીટર હોવા છતાં પણ ગાંધીનગરની આવી હાલત. અમદાવાદ કરતા વધુ વૃક્ષો હોવા છતાં પણ વરસાદ આવતો નથી. આજની મોબાઈલ પેઢીને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તો ચોક્કસ સુધારો થાય એમ છે. દરેક ગાંધીનગરવાસીઓના મનમાં એક જ વિચાર આવે છે શું કુદરત ગાંધીનગરવાસીઓ થી રૂઠી ગઈ છે? શું ગાંધીનગરમાં હોમ હવન કરાવવાની જરૂર છે?

સૌ પ્રથમ જો જમીન લેવલથી કામગીરી કરવામાં આવે અને વધુમાં વધુ વૃક્ષો વાવવામાં આવે તો વિશ્વ ફલક ઉપર ગાંધીનગરનું નામ નંબર-૧ થઈ જાય. દરેક ગાંધીનગરવાસી સંકલ્પ કરે કે હવે એકપણ વૃક્ષ કપાવવા નહીં દઉં. વરસાદને આપોઆપ ગાંધીનગરમાં વરસવું પડે. સમગ્ર ગુજરાતમાં રહેવાલાયક સ્થળો ગાંધીનગર પ્રથમ સ્થાન પામે એવા પ્રયાસો જરૂરી છે.

શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ.હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શાળાના આચાર્યાશ્રી ડૉ. ચેતના બૂચે એક બાળ-એક ઝાડ શાળા વનીકરણ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને જીવનમાં વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું. આ તમામ બાળકોને (૧) આપણી પ્રાર્થનામાં વૃક્ષોની પ્રાર્થના પણ સામેલ કરવી જોઈએ (૨) એક સારા રમતવીર બનો, સારા પ્રકૃતિપ્રેમી બનો, સારા સમાજસેવક બનો. (૩) ડૉક્ટર, એન્જીનીયર ફાર્માસીસ્ટ ભલે બનો પરંતુ સારા માનવી જરૂર બનજો. (૪) શાળામાં સુંદર દૃષ્ટાંતો આપી વૃક્ષોનું મહત્વ સમજાવી અને સાચા લોકસેવક તરીકે જીવવાનો વિદ્યાર્થીઓને રાહ ચીંધ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન લાભુભાઈ દેસાઈએ કર્યું હતું. સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, એચ.એમ.અસારી તથા સર્વે શિક્ષકમિત્રો આ કાર્યક્રમની કામગીરીમાં જોડાયા હતા.

ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ

ગાંધીનગર, તા.૮

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘણા વર્ષોથી ગાંધીનગરની સરકારી શાળામાં ભણતા વંચિત બાળકોને અભ્યાસમાં મદદરૂપ થવા સારું વર્ષભરની જરૂરિયાત પૂરી થાય તેટલી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે. ઉદ્‌ગમની ટ્રસ્ટ દ્વારા દર વર્ષે નવા શૈક્ષણિક સત્રમાં વંચિત બાળકોને વર્ષભર ઉપયોગમાં આવે તે રીતે સામગ્રી આપવામાં આવે છે. ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સેક્ટર -૨ માં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સામગ્રીના વિતરણ નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય શ્રીમતી મીનાક્ષીબેન ઉપાધ્યાયએ સ્વાગત પ્રવચનમાં મહાનુભાવને આવકારીને ઉદગમ ટ્રસ્ટના દ્વારા શાળામાં કરવામાં આવતા કાર્યોની માહિતી આપી હતી .

કાર્યક્રમના મેહમાન પદે પધારેલ ગાંધીનગર મહાનગર પાલિકાના સ્નેડીગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શિક્ષણ માટે કરવામાં આવતા કાર્યોની સાથે બાળકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવીને તેના ફાયદા જણાવીને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. સાથોસાથ તેમને ઉદગમના કાર્યોને બિરદાવતા સંપૂર્ણ સાથ સહકારની ખાત્રી આપી હતી. જશવંતભાઈ પટેલે સુંદર વેલકમ કાર્ડ બનાવનાર શાળાના બાળકોને ખાસ બિરદાવ્યા હતા. વોર્ડ નં -૯ ના નગરસેવકો રાજુભાઈ પટેલ અને સુનિલભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં શાળાના વંચિત બાળકોને અભ્યાસ સારું ફુલ સ્કેપ ચોપડા અને પેન્સિલ, રબર, ફુટપટ્ટી, સ્કેચપેન, ડ્રોઈંગ બુક ની કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

સાહિત્યકાર અને લેખક સંજયભાઈ થોરાટ સ્વજને બાળકોને કલ્પવૃક્ષની બોધ વાર્તા કહીને ખુબ આનંદિત કરી દીધા હતા. ઉદગમના મેનેજીંગ ટ્રસ્ટી ડો મયુર જોષીએ સાથોસાથ પધારેલ મહાનુભાવો અને દાતાઓનો આભાર માન્યો હતો ઉદગમ ટ્રસ્ટના સર્વે ઈંટર્નસને સર્ટિફિકેટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મનોજભાઈ જોશી, જયપ્રકાશ ભટ્ટ, નીલેન્દુ વોરા, કીર્તિભાઈ જોષી, લાયન્સ કલબના ડૉ. અમ્રતભાઈ પટેલ, એલ. કે. વાઘેલા,વિવેકસિંહ ચૌહાણ, તરુણ, પ્રથમસિંહ, નિચિકેત,દિપક, મુકુલ, ઓમ, અદિતિ, મીરા, દર્ષિ, પ્રથમ, મિહિર, દેવાંશુ, કપિલ, કૌશલ, કાવ્યા, વગેરે સ્વયંસેવકો સાથે શાળાના આચાર્ય શ્રીમતી મીનાક્ષીબેન ઉપાધ્યાય અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની કોલેજો મુન્દ્રા પોર્ટની મુલાકાતે

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સે.૨ ઉની કોલેજોના ૭૫ તાલીમાર્થીઓએ મુન્દ્રા પોર્ટની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે અદાણી પાવર લીમીટેડ, ઓઈલ અને જુદી જુદી વસ્તુઓના સ્ટોરેજ તેમજ માલ સામાનના લોડીંગ અને અનલોડીંગ વિગેરેની માહિતી મેળવી હતી. આ વિઝીટમાં પ્રા.ડૉ.શીતલ દિક્ષિત, ડૉ.કાજલબેન ગઝ્ઝર, પ્રા.યશ પટેલ અને પ્રા.પ્રણય પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મધર્સ ટચ સ્કૂલ - એરફોર્સ ખાતે માર્શલ આર્ટ્સની તાલીમ

ગાંધીનગર, તા.૮

મધર્સ ટચ સ્કૂલ - એરફોર્સ ખાતે પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા સ્કૂલનાં બાળકોને માર્શલઆર્ટ્સની તાલીમ આપવામાં આવી હતી સાથે ડ્રિલ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી અને બાળકોમાં જાગૃતિ લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યું હતું. બાળકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્કૂલનાં શિક્ષિકા રાધા અને શાળાનાં પ્રિન્સિપાલ બંદના ચૌધરીએ જણાવ્યું હતું કે, બાળકો સ્વ રીતે પોતાનો બચાવ કરી શકે એટલાં સક્ષમ આજના સમયમાં આપણે દરેક બાળકોને બનાવવા જરૂરી બની ગયા છે. સ્વરક્ષણની તાલીમ તમારામાં આત્મવિશ્વાસ કેળવે છે.

જી ૨૦ અન્વયે આયોજિત યુર૦ "મેયરલ સમિટ"ના દ્વિતીય દિવસે સમિટમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન મેયર વૈશ્વિક સાતત્યપૂર્ણ વિકાસમાં ભાગીદાર બનવા શહેરોને સક્ષમ બનાવવા, શહેરના મુખ્ય પ્રવાહ સાથે મહિલા- યુવાનોને જોડવા, પાણીની સુરક્ષા, પ્રકૃતિની જાળવણી જેવા અનેક અગત્યના મુદ્દે ચર્ચામાં સહભાગી બન્યા હતા.

લંડનના ડેપ્યુટી મેયર રાજેશ અગ્રવાલ ગાંધીનગરની મુલાકાતે

ગાંધીનગર, તા.૮

શહેરના મહાત્મા મંદિર ખાતે જી-૨૦ સંમેલન યોજાયુ છે. આ સંમેલનમાં વિદેશના મેયર અને ડેપ્યુટી મેયર મહાત્મા મંદિર ખાતે પધાર્યા છે. ત્યારે લંડનના ડેપ્યુટી મેયર ફોર બિઝનેશ રાજેશ અગ્રવાલ ખાસ ઉપસ્થિત રહયા હતા. ગુજરાત તેમજ લંડન વચ્ચે સહયોગ અને વૃધ્ધિને પ્રોત્સાહન આપવા માટે રાજેશ અગ્રવાલની આ મુલાકાત ફળદાયી નિવડશે તેમ માનવામાં આવી રહયું છે. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, તાજેતરનો (ડિપાર્ટમેન્ટ ફોર બિઝનેસ એન્ડ ટ્રેડ) રિપોર્ટ યુકેમાં બીજા સૌથી મોટા રોકાણકાર તરીકે ભારતની સાતત્યપૂર્ણ સ્થિતિને હાઈલાઈટ કરે છે, જેમાં ગુજરાત આ વલણમાં અગ્રણી ભૂમિકા ભજવે છે. છેલ્લા એક દાયકામાં, ગુજરાતમાંથી ઘણી કંપનીઓએ યુકેમાં તેમની કામગીરી વિસ્તારી છે, જેમાં IT સોફ્ટવેર ક્ષેત્રના ઘણા લોકો માટે લંડન પસંદગીની પસંદગી છે. તેવી જ રીતે, યુકેની અસંખ્ય કંપનીઓએ ગુજરાતમાં પોતાની જાતને સ્થાપિત કરી છે, નાણાકીય સેવાઓ, વ્યવસાય સેવાઓ, એરોસ્પેસ, ફાર્માસ્યુટિકલ્સ, સોફ્ટવેર તબીબી ઉપકરણો, નવીનીકરણીય ઉર્જા અને આરોગ્યસંભાળ જેવા ક્ષેત્રોમાં હજારો નોકરીઓનું સર્જન કર્યું છે.

એસ.વી. પ્રી-સ્કૂલમાં થઈ Germination of Seeds પ્રવૃત્તિ

નગરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલ દ્વારા નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે. જી. ના બાળકોને શાળામાં 'Germination of Seeds' ની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી, જેમાં બાળકોએ પોતાના શિક્ષિકાઓ સાથે મળીને એક કુંડામાં બીજ વાવી, તેને અંકુરિત થવા મૂક્યા હતા. બીજ વાવ્યા પછી જમીનમાંથી તે બીજ અંકુરિત થઈને તેનો પ્લાન્ટ કેવી રીતે બને, તેની વિગતવાર સમજણ શિક્ષિકાઓએ બાળકોને આપી હતી અને દરરોજ તેને પાણીનું સિંચન કરી, તેની સંભાળ રાખવા માટે માર્ગદર્શન આપ્યું હતું. બાળકોને માતા-પિતાની મદદથી ઘરે પણ આ પ્રોજેકટ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં પરેન્ટ્સ ટોક પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૮

એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા માં પરેન્ટ્સ ટોક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧ થી૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓએ વિવિધ વિષયો ઉપર વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતાં.

અમિયાપુર પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સીઆરસી ભગવતીબેનને શાળાના આચાર્ય નિલેશભાઈ એ વૃક્ષ ભેટ આપીને બાળકો માં વૃક્ષની ભેટ આપી શકાય આ બાબતે ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સોનીપુર પ્રાથમિક શાળા ગામના આગેવાન દાતા તરફથી શાળાના તમામ બાળકોને સ્કેચબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કલોલ તાલુકાના ગણપતપુરા પ્રાથમિક શાળાના તમામ બાળકોને અભિષેક ભાઈ સોની તરફથી પાણીની બોટલ આપવામાં આવી હતી તે બદલ શાળા પરિવાર તેમનો આભાર માન્યો હતો.

જન્મદિને વધામણી

ભવ્યરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૯૯૨૫૪ ૩૭૮૮૮

દેવ્યાની મનોજ શુક્લ
મો. ૬૩૫૫૫૧૪૬૮૪

દેવાંશ રણછોડભાઈ રથવી

શાના બાબુડી
અભ્યાસ BHMS-રાજકોટ

મંજુલાબેન એ ભટ્ટી
મો. ૭૯૮૪૯ ૮૨૧૧૪

જયદીપ વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૯૯૮૩ ૬૩૬૦૦

ઊર્મિલા એલ શર્મા

રાજેશ્વરી મુકેશકુમાર કોઠારી
રિટાયર્ડ સ્ટેનો
ગુજરાત વિધાનસભા
મો. ૯૭૨૫૯ ૯૩૧૧૦

ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. પટેલ વિકાસકુમાર કાલીદાસ, ઉ.વ. ૪૨, કાનપુર